# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : **૧૮** ● ગુણ : ૧૦૦
(Dharmik Shikshan Board Certificate Course **Level : 18**

**પ્ર. : ૧. સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો :**

(ક) સાતમા વ્રતમાં રહેલ ૨૬ મર્યાદામાંની પહેલી પાંચ મર્યાદા મૂળ પાઠ સહિત લખો.

જવાબ : (ક) ૧) ઉલ્લણિયા વિહિં = અંગુછા, ટુવાલ વગેરેની જાત અને સંખ્યાની મર્યાદા.
૨) દંતણ વિહિં = દાતણની જાત અને મર્યાદા.
૩) ફલ વિહિં = વૃક્ષના ફળની જાત અને સંખ્યાની મર્યાદા
૪) અબ્ભંગણ વિહિં = મર્દન કરવા યોગ્ય તેલની જાત અને તેના પ્રમાણની મર્યાદા.
૫) ઉવ્વટ્ટણ વિહિં = પીઠી વગેરે શરીરે ચોળવાની વસ્તુની જાત અને તેની મર્યાદા.

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(૧) આકુટ્ટિ હણવા નિમિત્તે હણવાના પચ્ચક્ખાણ એટલે શું ? તેના પચ્ચક્ખાણ કોણ કરે છે ?

જવાબ :(ખ) (૧) કષાય, નિર્દયતાપૂર્વ પ્રાણરહિત કરવા, મારવાની ઇચ્છાએ મારવું, તેને આકુટ્ટિથી મારવું કહેવાય છે, તેના પચ્ચક્ખાણ શ્રાવક કરે છે.

(૨) દંડ કોને કહે છે ? અનર્થ દંડ એટલે શું ?

જ. (૨) મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિ કે જેનાથી આત્મા દંડાય તેને દંડ કહે છે. જે કાર્ય પોતાના કે પરિવારના કોઈ હિતનું ન હોય, જેનું કોઈ પ્રયોજન ન હોય અને જેના કારણે વ્યર્થ આત્મા પાપોથી દંડિત થાય, તેને અનર્થદંડ કહે છે.

(૩) ઔષધ અને ભેષજમાં શો ફેર છે ?

જ. (૩) સૂંઠ, હળદર, આંબળો, હરડે, લવિંગ વગેરે એક-એક દ્રવ્ય 'ઔષધ' કહેવાય છે. હિંગાષ્ટક ચૂર્ણ, ત્રિફળા વગેરે અનેક દ્રવ્યવાળી વસ્તુઓ 'ભેષજ' કહેવાય છે.

(૪)'ચરિત્તાચરિત્ત'નો અર્થ શો ?

જ. (૪) પાપોનો સર્વથા ત્યાગ કરવો, તેને ચારિત્ર કહે છે, પરંતુ શ્રાવક મિથ્યાત્વનો સંપૂર્ણપણે અને બાકીના પાપોનો આંશિક (શક્તિ પ્રમાણે) ત્યાગ કરે, તેથી શ્રાવકના વ્રતોને 'ચરિત્તાચરિત્તે' કહે છે.

**(ગ) નીચેના શબ્દો શુદ્ધ છે કે અશુદ્ધ ? અશુદ્ધ હોય તો શુદ્ધ કરીને લખો :**

૧) ઈત્તરીય પરીઝાહિયાગમણે. ૨) આણવણપ્પઓગે ૩) પાઢીયારુ ૪) વઈક્તો

જ. (ગ) (૧) ઈત્તરિય પરિગ્ગહિયાગમણે ૨) આણવણપ્પએગે ૩) પાઢિયારૂ ૪) વઈક્કંતો

---

**પ્ર. : ૨. આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) ભગવાન શરીરનિર્વાહ માટે શેનો આહાર કરતા હતા ?

જ. ૩ (૧) લૂખા-સૂકા ભાત, બોરનો ભૂક્કો, અડદના બાકુળાનો નીરસ આહાર કરતા હતા.

(૨) ભગવાન કયા દોષો રહિત આહારની ગવેષણા કરતા હતા ?

જ. (૨) ભગવાન ગામ કે નગરમાં જઈ બીજા માટે બનેલા આહારની ગવેષણા કરતા હતા, એટલે કે તેઓ ઉદ્ગમના દોષો, ઉત્પાદનના દોષો અને એષણાના દોષોથી રહિત આહારની ગવેષણા કરતા હતા.

(૩) ભગવાન જુલાબ, વમન આદિ શરીરસંસ્કાર કરતા ન હતા, શા માટે ?

જ. (૩) ભગવાન જાણતા હતા કે આ ઔદારિક શરીર અશુચિમય છે, તેની કોઈ પણ ઉપચોથી શુદ્ધિ થઈ શકતી નથી, તેથી તેવું જાણીને શરીરસંસ્કાર કરતા ન હતા.

---

**પ્ર. : ૩. ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) કયા ત્રણ પ્રકારે સંપૂર્ણ પૃથ્વી ચલિત થાય છે ?

**જ. (૧) રત્નપ્રભા પૃથ્વીના અધોભાગમાં ઘનવાત ક્ષુભિત થવાથી જો ઘનવાત ક્ષુભિત થઈ ઘનોદધિને ક્ષુભિત (કંપિત) કરે, ત્યારે કંપિત થતાં તે ઘનોદધિ સંપૂર્ણ પૃથ્વીને ચલિત કરે છે તેથી. (૨) મહાઋષિસંપન્ન યાવત્ મહાશક્તિશાળી, મહાસુખી 'મહોરગ' (વ્યંતર જાતિના) દેવ તથારૂપના શ્રમણ-મારણને પોતાની ઋદ્ધિ, ધ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ બતાવે ત્યારે. (૩) દેવો અને અસુરોની પરસ્પર સંગ્રામ થવાથી.**

(૨) અલ્પ આયુષ્ય કર્મ બાંધવાના ત્રણ કારણો કયા ?

**જ. (૨) ૧) હિંસા કરે, ૨) જૂઠું બોલે, (૩) તથારૂપના શ્રમણ-માહણને (પૂર્ણ અહિંસક શ્રમણને) અપ્રાસુક, અનેષણીય, અશન, પાન, ખાદિમ, સ્વાદ્યિ રૂપ આહારનું દાન આપે.**

(૩) દેવ કયા ત્રણ સ્થાનની ઇચ્છા કરે છે ?

**જ. (૩) ૧) મનુષ્યભવ, ૨) આર્યક્ષેત્રમાં જન્મ, ૩) શ્રેષ્ઠ (ઉત્તમ) કુળની પ્રાપ્તિ.**

(૪) ત્રસ જીવ અને સ્થાવર જીવના કેટલા પ્રકાર છે ?

**જ. (૪) ત્રસ જીવ ત્રણ પ્રકારનાઃ ૧) તેજસ્કાયિ, ૨) વાયુકાયિક, ૩) ઉદાર (સ્થૂલ) - ત્રસપ્રાણી. સ્થાવર જીવ ત્રણ પ્રકારના : ૧) પૃથ્વીકાયિક, ૨) અપકાયિક, ૩) વનસ્પતિકાયિક.**

(૫) પુદ્ગલના પ્રકાર કેટલા ? તેના નામ લખો.

**જ. (૫) પુદ્ગલના ત્રણ પ્રકાર : ૧) પ્રયોગ પરિણિત ૨) મિશ્ર પરિણિત ૩) વિસ્ત્રસા પરિણિત.**

---

**પ્ર. : ૪. જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) સુધર્માસ્વામીએ 'સંઘાટ' અધ્યયનનો ઉપસંહાર કરતા જંબૂસ્વામીને શું કહ્યું ?

**જ. (૧) હે જંબૂ સ્વામી! આ પ્રમાણે આપણે સાધુ-સાધ્વી, આચાર્ય, ઉપાધ્યાયની પાસે મુંડિત થઈ ગૃહત્યાગ કરીને સાધુત્વની દીક્ષા અંગીકાર કરીને વિપુલ ધન, મણિ, મોતી, સોનું અને રત્નો આદિ વિપુલ વૈભવમાં લુબ્ધ થઈએ તો વિજયચોર જેવી દશા થાય છે.**

(૨) ધન્ય સાર્થવાહના પુત્રનું નામ દેવદત્ત કેમ રાખવામાં આવ્યું ?

**જ. (૨) ભદ્રા સાર્થવાહીને આ પુત્ર ઘણી નાગ પ્રતિમાઓ અને વૈશ્રમણ પ્રતિમાઓની માનતા કરવાથી થયેલ હોવાથી તેનું ગુણનિષ્પન્ન નામ દેવદત્ત રાખવામાં આવ્યું.**

(૩) ધન્ય સાર્થવાહને કોનો ધર્મ ઉપદેશ સાંભળીને દીક્ષા લેવાના ભાવ થયા ?
ધર્મ ઉપદેશ સાંભળી શું બોલ્યા અને ત્યાર પછી તેમણે શું કર્યું ?

**જ. (૩) ધર્મઘોષ આચાર્યનો ધર્મનો ઉપદેશ સાંભળીને દીક્ષા લેવાના ભાવ થયા. તે બોલ્યા : હે ભગવાન ! હું નિર્ગંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું, પ્રતીતિ કરું છું, પાલન કરવા ઉદ્યમવંત થયો છું' યાવત્ તેમણે દીક્ષા લીધી. ઘણાં વર્ષ સુધી શ્રમણધર્મનું પાલન કર્યું. અંત સમયે ભોજનના પ્રખ્યાખ્યાન કરીને એક માસની સંલખના કરીને સાઠ ભક્ત અનશન કરીને કાળના સમયે કાળ કરી સૌધર્મ દેવલોકમાં ૪ પલ્યની સ્થિતિવાળા દેવ થયા.**

(૪) સાધુ-સાધ્વી દીક્ષા લઈને આહાર શા માટે કરે છે ?

**જ. (૪) 'આ શરીર જ્ઞાન-દર્શન-ચારિત્રને વહન કરવા માટેનું સાધન છે' તેમ વિચારી આહાર કરે છે. તે સિવાય તેમનું બીજું કોઈ પ્રયોજન હોતું નથી.**

(૫) જ્ઞાતાધર્મકથા સૂત્રના ૧૨મા અધ્યયનનું નામ શું ? તેનો ઉપસંહાર લખો.
તે અધ્યયનું નામ લખો

**જ. (૫) જેમનું મન મિથ્યાત્વથી મૂઢ બનેલ છે, જેઓ પાપકાર્યમાં ભાગલા છે, ગુણરહિત છે, એવાં પ્રાણીઓ પણ ખાઈના પાણીની જેમ ઉત્તમ સંયોગોથી, ઉત્તમ ગુરુની કૃપાથી ગુણ થઈ જાય છે, માટે જિનઆજ્ઞાપાલક ગુરુ ભગવંતોનો વધુ નેવધુ સત્સંગ કરવા પ્રયત્ન કરવો. તે અધ્યયનનું નામ ઉદ્દક-જ્ઞાન છે.**

---

**પ્રશ્ન : ૫ (ક) ઉપાસક દશાંગ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) ભગવાન મહાવીર સ્વામીએ સાધુ-સાધ્વીને બોલાવીને શું કહ્યું ?

**જ. (૧) ૧) હે આર્યો, ગૃહસ્થ અવસ્થામાં રહીને શ્રાવકધર્મનું પાલન કરતાં હોય ત્યારે તેમાં જ્યારે દેવ, માનવ કે તિર્યંચ સંબંધ ઉપસર્ગોને શ્રમણોપાસક સમ્યક્ પ્રકારે સહન કરે છે અને ધર્મથી વિચલિત થતા નથી, તો સાધુ-સાધ્વીઓની સહનશીલતા તો કેવી હોય ? તેઓ તો અષ્ટપ્રવચનમાતાથી લઈ દ્વાદશાંગીરૂપ ગણિપિટક, શ્રુતજ્ઞાનના ધારક હોય છે. તેથી તેમને તો દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરવા જ જોઈએ.''**

(૨) હાથીરૂપ દેવ કેવો હતો ?

**જ. (૨) તેના સાત અંગ (૪ પગ, સૂંઢ, પૂંછડી અને લિંગ) જમીનને સ્પર્શતા હતા, આમ તે સાત અંગધારી હતો, તે નશાથી મદોન્મત્ત અને શ્રાવણના વાદળની જેમ ગંભીર ગર્જના કરતો હતો. મન અને પવનની ગતિને જીતનાર શીઘ્રગતિ કરવાવાળો હતો.**

(૩) <u>એક શબ્દમાં જવાબ લખો :</u>

અ) કામદેવ શ્રમણોપાસક ભગવાન મહાવીર સ્વામીની પર્યુપાસના કોની જેમ કરવા લાગ્યા ?

**જ. અ) શંખ શ્રાવકની જેમ**

બ) શક્રેન્દ્ર મહારાજ કયા વિમાનમાં બિરાજેલ હતા ?

**જ. બ) સૌધર્મવતંસક્**

ક) કામદેવ શ્રમણોપાસકની પાસે ક્યારે મિથ્યાદૃષ્ટિ દેવ પ્રગટ થયો ?

**જ. ક) મધ્યરાત્રિએ**

ડ) કામદેવ શ્રમણોપાસક પાસે કેટલી ગાયો હતી ?

**જ. ડ) ૬૦ હજાર**

ઈ) પિશાચરૂપ દેવ કોના જેવી ગર્જના કરતો હતો ?

**જ. ઈ) ભયંકર મેઘ જેવી.**

**(ખ) અંતગડ સૂત્રના આધારે જવબ લખો :**

(૧) અનીકસેન દિવસે ને દિવસે કોની જેમ વૃદ્ધિ પામતા હતા ?

**જ્વાબ (ખ) (૧) ૧) પર્વતની ગુફામાં ચંપકલતા સુરિક્ષત વધે તેમ.**

(૨) અનીકસેનનું પાલન કેટલી ધાવમાતાએ કર્યું ? કઈ કઈ ?

**જ. (૨) ૧) ક્ષીરધાત્રી, ૨) મજ્જાધાત્રી, ૩) મંડનધાત્રી, ૪) ક્રીડાધાત્રી ૫) અંકધાત્રી**

(૩) નાગ ગાથાપતિ કેવા હતા ?

**જ. (૩) ઘણા સમૃદ્ધશાળી અને અપરાભૂત**

(૪) અનીક્સેન કોની જેમ ભગવાન પાસે દીક્ષિત થયા ?

**જ. (૪) ગૌતમકુમારની જેમ.**

(૫) અનિકસેન કોની જેમ સુખપૂર્વક ભોગ ભોગવતા હતા ?

**જ. (૫) મહાબળકુમારની જેમ.**

---

**પ્ર. : ૬. અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) ધન્ના અણગાર પારણાના દિવસે કેવી પરિસ્થિતિમાં દીન થતા નહિ ?

**જ્વાબ : ૬ (૧) ઘોર અભિગ્રહવાળા ધન્ના અણગારને પારણાના દિવસે ક્યારેક આહાર મળે તો પાણી ન મળતું અને ક્યારેક પાણી મળે તો આહાર ન મળતો. આવી પરિસ્થિતિમાં તેઓ દીન થતા નહિ, ઉદાસ થતા નહિ, આકુળ-વ્યાકુળ થતા નહિ, નિરંતર સમાધિમાં લીન રહેતા**

(૨) શ્રેણિકરાજાએ ભગવાન મહાવીર સ્વામીને શું પૂછ્યું ?

**જ. (૨) 'હે ભગવાન ! ઈન્દ્રભૂતિ આદિ આપના ૧૪ હજાર સાધુઓમાંથી મહાદુષ્કર ક્રિયા કરવાવાળા અને મહાનિર્જરા કરવાવાળા કોણ અણગાર છે ?**

(૩) ધન્ના અણગાર કાળ કરીને ક્યાં ગયા ? ત્યાં તેમની સ્થિતિ કેટલી ?

**જ. (૩) સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં ૩૩ સાગરોપમની સ્થિતિએ.**

---

**પ્ર. : ૭. દશવૈકાલિક સૂત્રની કડી પૂર્ણ કરો :**

(૧) જેસિં .......... વિન્નાયા.

**જવાબ : ૭ (૧) જેસિં કેસિં ચ પાણાં અભિક્કતં પડિક્કંતં, સંકુચિયં પસારિયં રુયં ભંતં તસિયં પલાઈયં આગઈગઈ વિન્નાયા**

(૨) સે કીડં વા ........... વત્થંસિ વા.

**જ. (૨) સે કીડં વા પયંગં વા કુંથુ વા પિવીલિયં વા હત્થંસિ વા પચંતિ વા બાહુસિ વા ઉસંષિવા ઉદરંસિ વા, સીસંસિ વા વત્થંસિ વા**

(૩) નીચેના શબ્દોના અર્થ લખો :

**જવાબ સાથે**

૧) પિહુણેણ વા. **જ : મોરપીંછના પંખાથી**

૨)પરિસાગઓ. **જ : પરિષહ (જનસમૂહ)માં**

૩) પજ્જાલંતં વા. **જ : પ્રજવલિત કરનાર**

૪) પક્ખોડાવિજ્જા **જ : વારંવાર ઝપટાવે**

૫) પરિગિડિગ્હેજ્જા **જ : ગ્રહણ કરીશ નહિ**

૬) પોરબીયા **જ : તેના બીજ પર્વ (ગાંઠ)માં હોય છે, જેમ કે-શેરડી વગેરે**

(૪) <u>અર્થ પરથી માગધી / મૂળ શબ્દ લખો.</u> (કોઈ પણ ચાર લખો)

**જવાબ સાથે**

૧) કલ્યાણકારી છે ? **જ : સેયં** ૨) સૂક્ષ્મ **જ : સુહુમં**

૩) સચેત રજ સહિત વસ્ત્રને **જ : સસરક્ખં વા વત્થં**

૪) વારંવાર સ્પર્શ કરનાર **જ : સંકુસતં** ૫) સંયમી **જ : સંજય**

૬) જતનાથી **જ : સંજયામેવ**

---

**પ્ર. : ૮. ભગવતી સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) મિશ્રકાળ લખો.

**જ. (૧) તે વિવક્ષિત જીવોના ભૂતકાળના અનંત નરક આદિ ભવોમાંથી એક જીવ પણ તેને ભેગો થાય તો અનંત ભવોનો તે કાળ તે જીવની દૃષ્ટિએ તે ગતિનો મિશ્રકાળ છે. ઉદાહરણ : ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા. તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્યમાં થઈને ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના ૧૦૦ નારકીમાંથી ઓછામાં ઓછો ૧ કે તેથી વધુ (પણ બધાં નહિ) નારકી ત્યાં હોય તે મિશ્રકાળ.**

(૨) ચાર પ્રકારના સંસાર સંસ્થાનકાળનો અલ્પબહુત્વ લખો.

**જ. (૨) સર્વથી થોડો મનુષ્ય સંસ્થાનકાળ**
**તેથી નારકી સંસાર સંસ્થાનકાળ અસંખ્યાતગુણો**
**તેથી દેવી સંસાર સંસ્થાનકાળ અસંખ્યાતગુણો**
**તેથી તિર્યંચ સંસાર સંસ્થાનકાળ અનંતગુણો**

(૩) ઈહભવિક પરભવિકનો થોકડો કયા આગમનો અધિકાર છે ?

**જ. (૩) ભગવતી સૂત્ર - શતક-૧ : ઉદ્દેશો -૧**

(૪) ઇહભવિક, પરભવિક, તદુભય ભવિક એટલે શું ?

**જ. (૪) ઇહભવિક = આ ભવમાં જ રહેનારું**
**પરભવિક = બીજા ભવમાં સાથે જાય તેવું**
**તદુભય ભવિક = ભવાન્તરમાં ત્રીજા-ચોથા ભવોમાં સાથે જાય તેવું**

(૫) ચારિત્ર ઇહભવિક જ કેમ છે ?

**જ. (૫) જીવે આ ભવમાં જે ચારિત્ર લીધું હોય તે જ ચારિત્ર લઈને બીજા ભવમાં જતો નથી. કારણ કે ગ્રહણ કરેલું ચારિત્ર જીવતાં સુધી જ હોય છે. વળી અહીં અલ્પ અંશે ચારિત્ર પાળવાથી દેવલોકમાં ઉત્પત્તિ થાય, ત્યારે ત્યાં વિરતિનો તદ્દન અભાવ હોવાથી ચારિત્રનો પણ અભાવ છે તેમ જ સંપૂર્ણ ચારિત્ર પાળવાથી મોક્ષગતિ જ થઈ હોય ત્યારે તે ગતિમાં ચારિત્ર અસંભવ છે કારણ કે ચારિત્ર અંગીકાર કર્મના ક્ષય માટે છે. મોક્ષમાં ચારિત્રનું કોઈ પ્રયોજન નથી.**

**પ્ર. : ૯. પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો :**

(૧) જઘન્ય બે સિદ્ધ થતા હોય તેવા બોલ લખો.

**જવાબ : ૯** **૧) સ્ત્રી તીર્થંકર સિદ્ધ થાય તો ૨) પુરુષ તીર્થંકર થાય તો ૩) અનેક સિદ્ધ થય તો**

(૨) બુદ્ધદ્વાર લખો.

**જ. (૨) આચાર્ય કે વડીલ સાધુ-સાધ્વી પાસે પ્રતિબોધિત થઈને**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧) પુરુષ સિદ્ધ થાય તો | ૧ | ૧૦૮ |
| ૨) સ્ત્રી સિદ્ધ થાય તો | ૧ | ૨૦ |
| ૩) નપુંસક સિદ્ધ થાય તો | ૧ | ૧૦ |

(૩) ખાલી જગ્યા પૂરો :

**જવાબ સાથે :** (અ) અકર્મભૂમિમાં ૧ સમયમાં **૧૦** સિદ્ધ થઈ શકે છે તે ક્ષેત્રમાં નિરંતર **૪** સમય સુધી સિદ્ધ થઈ શકે, પછી અંતર પડે છે.

(બ) ઈરવત ક્ષેત્રમાં ૧ સમયમાં **૧૦૮** સિદ્ધ થઈ શકે છે ત્યાં નિરંતર ૮ સમય. સુધી સિદ્ધ થઇ શકે, પછી અંતર પડે છે.

(૪) સુપ્તથી જાગૃત કેટલા ગુણ વધારે છે? શાતા વેદનીય વેદવાવાળાથી અશાતા વેદનીયવાળા કેટલા ગુણ છે. વધારે છે?

**જ. (૪)સર્વથી થોડા સુપ્ત (૪), તેથી જાગૃત (૨૫૨) સંખ્યાતગુણા (૬૩ ગુણા). સર્વથી થોડા શાતાવેદનીય વદવાવાળા(૧૮), તથી અશાતા વેદનીયવાળા (૨૪૦) સંખ્યાતગુણા (૧૫ ગુણા)**

---

**પ્રશ્ન : ૧૦.** (૧) સમવાયાંગ સૂત્રના ૧૩, ૧૬, ૧૮ સમવાયની વિગત લખો.

**જવાબઃ ૧૦ (૧) ૧૩ - ક્રિયાસ્થાનો (કર્મબંધના હેતુઓ)**

**૧૬ - કષાય**

**૧૮ - ૧૮ બ્રહ્મચર્ય, આચારનાં ૧૮ સ્થાનો આદિ.**

(૨) રાયપસેણીય સૂત્ર અંગ છે કે ઉપાંગ ? કેટલી ગાથા છે ? આ સૂત્રમાં કેટલા અધિકાર છે ?

**જ. (૨) ઉપાંગ સૂત્ર, ૨૦૭૮ ગાથા.**

**ત્રણ અધિકાર : ૧) સૂર્યાભદેવનો, ૨) પરદેશી રાજાનો, ૩) દઢપ્રતિજ્ઞ કેવલીનો.**

**॥ જય જિનેન્દ્ર ॥**